# લખનૌમાં મોદીની રેલીને અભૂતપૂર્વ પ્રતિસાદ

**- અરુણ Jailtey**

**વિપક્ષી નેતા (રાજ્ય સભા)**

લખનૌમાં નરેન્દ્ર મોદીની રેલીને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો. દિલ્હી પહોંચવા માટેનો માર્ગ ઉત્તર પ્રદેશથી પસાર થાય છે. તે લોકસભામાં 80 સભ્યો મોકલે છે, જે દેશમાં સૌથી મોટું રાજ્ય છે. ભાજપે વર્ષ 1990માં સત્તા મેળવી ત્યારે સૌથી વધારે બેઠકો ઉત્તર પ્રદેશમાં મળી હતી. વર્ષ 1991ની લોકસભાની ચૂંટણીઓમાં ભાજપે ઉત્તર પ્રદેશની 85 બેઠકોમાંથી 52 બેઠકો જીતી હતી. વર્ષ 1996 માં આ આંકડો વધીને 58 જેટલો થયો અને વર્ષ 1998માં 50 થયો. ત્યારથી ભાજપ તાકાતમાં સતત ઘટાડો થયો હતો. ભાજપને વર્ષ 1999માં લોકસભામાં 29 બેઠકો મળી હતી. વર્ષ 2004 અને 2009 માં ભાજપને માંડ દસ બેઠકો પ્રાપ્ત થઈ હતી. ભાજપે દિલ્હીમાં સરકારની રચના કરવા માટે 1990ના દાયકાની શરૂઆતમાં પ્રાપ્ત થયેલી મજબૂતાઈ ફરીથી હાંસલ કરવી પડશે. એ શક્ય બનશે ખરૂં?

ઉત્તર પ્રદેશમાં ચૂંટણીજંગ મુખ્યત્વે ભાજપ , એસપી અને બીએસપી વચ્ચે ખેલાશે. કોંગ્રેસને વર્ષ 2009 માં 22 બેઠકો મળી હતી, જે એક આશ્ચર્યજનક આંકડો હતો. વર્તમાન સંકેતો મુજબ કોગ્રેસની બેઠકોમાં ઘટાડો થવાના અણસાર મળી રહ્યા છે . આમ આદમી પાર્ટી સમાચારમાં ચમકતા રહેવા માટે અને જનતાનું ધ્યાન ખેંચવામાં સફળ રહી છે. પણ તે પક્ષ ચૂંટણીમાં નોંધપાત્ર અસર સર્જી શકે એમ જણાતું નથી.

બીએસપી અને એસપી શાસન શંકાસ્પદ ભૂતકાળ ધરાવે છે. સમાજવાદી પક્ષનું શાસન વિનાશક રહ્યું છે. તેના શાસનમાં કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે. સામાજિક અને કોમી તણાવમાં વધારો થયો છે. ઉત્તર પ્રદેશમાં અસંખ્ય કોમી રમખાણો જોવા મળ્યા છે. બીએસપીનો ભૂતકાળ ખંડણી વસૂલાતનો હતી. તેઓએ અત્યાચારી શાસન ચલાવ્યું હતું.

છેલ્લા 10 વર્ષમાં તે બંને પક્ષો યુપીએને સત્તામાં ટકાવી રાખવા માટે જવાબદાર છે. યુપીએને સહાય કરવામાં તેમની વ્યૂહરચના પારસ્પરિક હતી. આ બેઉ પક્ષોના નેતાઓ સામે ભ્રષ્ટાચારના કિસ્સાઓમાં સીબીઆઇ તપાસને નરમ બનાવવા ટેકો આપવામાં આવ્યો હતો.

ઉત્તર પ્રદેશના લોકજુવાળમાં ફેરફાર જોઈ શકાય છે. કોમવાદના ધ્રુવીકરણનું હવે મહત્ત્વ રહ્યું નથી. તે બાબત ભલે સંપૂર્ણપણે દૂર થઈ નથી છતાં સામાજિક ધ્રુવીકરણની અસર પ્રમાણમાં ઓછી હશે. નરેન્દ્ર મોદીની આઠ રેલીઓને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. ઉત્તર પ્રદેશમાં આજે સુશાસનનો મુદ્દો  મહત્ત્વનો બન્યો છે . મહત્ત્વાકાંક્ષી રાજકારણની ઇચ્છા હવે ઉત્તર પ્રદેશમાં દેખાય છે. ઉત્તર પ્રદેશના રાજકારણની પરિસ્થિતિમાં મોટાપાયે ફેરફારો થયા છે. મોદીએ રેલીમાં ભાષણ સમાપ્ત કરતી વખતે પ્રસૂન્ન જોશીની કવિતાની પ્રખ્યાત લીટીઓનું પઠન કર્યુઃ "સિંહાસન ખાલી કરો જનતા આતી હૈ ". તે જોઈને મને વર્ષ 1977ની લોકસભાની ચૂંટણી રેલીઓ યાદ આવી હતી.